सत्यमेव जयते

રે.દિ.મુ.નંબર – ૦૧/૨૦૨૧

વાદી તર્ફે વિ.વ.શ્રી એન.જે.મોદી
પ્રતિવાદીઓ તર્ફે વિ.વ.શ્રી મયુર રાજગુરુ

**વાદી ની આંક-૫ ની દરમ્યાન મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી લગત હુકમ**

૧). હાલનો દાવો વાદીએ દાવાવાળી જમીન બાબતે જાહેરાત તથા કાયમી મનાઇ ની દાદ મેળવવા માટે પ્રતિવાદીઓ વિરુધ્ધ દાખલ કરેલ છે, અને જે સાથે આંક-૫ ની સી.પી.સી ઓર્ડર ૩૯ રુલ ૧-૨ તથા કલમ-૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન મનાઇ હુકમ મેળવવા ની અરજી રજુ કરેલ છે અને જે આંક-૫ ની અરજીમાં માંગ્યા મુજબ ની કામચલાઉ મનાઇ અરજીની દાદ આપવા માંગણી કરેલ છે. જે અરજી લગત આ કામના પ્રતિવાદીઓને તાત્કાલીક કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જે લગત પ્રતિવાદીઓને નોટીસ કરતા પ્રતિવાદી નાઓ ના.કોર્ટમાં પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને વાદીના દાવા તથા મનાઇ અરજનો પ્રતિવાદી નં ૨ નાએ આંક- ૨૪ થી સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ છે, વાદી ધ્વારા પોતાની હાલની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના સમર્થનમાં આંક-૩ ના લીસ્ટ થી તથા આંક-૩૦ ના લીસ્ટ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજ ની વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | કુલમુખત્યારપત્ર | ૩/૧ |
| ૨. | વાદીના બ્લોક નં ૩૧૯ ની ૭/૧૨ ની નકલ | ૩/૨ |
| ૩. | વાદીના બ્લોક નં ૩૧૯ ની ૮-અ ની નકલ | ૩/૩ |
| ૪. | ફેરફાર નોંધ નં ૩૬૭૬ ની નકલ | ૩/૪ |
| ૫. | ફેરફાર નોંધ નં ૪૯૭૪ ની નકલ | ૩/૫ |
| ૬. | ફેરફાર નોંધ નં ૧૦૭૯ ની નકલ | ૩/૬ |

| | | |
|---|---|---|
| ૭. | ફેરફાર નોંધ નં ૨૯૩૫ ની નકલ | ૩/૭ |
| ૮. | પ્રતિવાદી ના બ્લોક નં ૩૧૭ ની ૭/૧૨ ની નકલ | ૩/૮ |
| ૯. | પ્રતિવાદીના બ્લોકનં ૩૧૭ ની ૮-અ ની નકલ | ૩/૯ |
| ૧૦. | અન્ય માલીકના બ્લોક નં ૩૧૮ ની ફેરફાર નોંધ નં ૨૫૯૯ ની નકલ | ૩/૧૦ |
| ૧૧. | અન્ય માલીકના બ્લોક નં ૩૧૮ ની ફેરફાર નોંધ નં ૨૬૮૪ ની નકલ | ૩/૧૧ |
| ૧૨. | અન્ય માલીકના બ્લોક નં ૩૧૮ ની ફેરફાર નોંધ નં ૩૨૨૧ ની નકલ | ૩/૧૨ |
| ૧૩. | અન્ય માલીકના બ્લોક નં ૩૧૮ ની ફેરફાર નોંધ નં ૪૦૯૭ ની નકલ | ૩/૧૩ |
| ૧૪. | ઉકાભાઇ વિઠ્ઠલભાઇ ના વારસોએ કરી આપેલ કરાર ની નકલ | ૩/૧૪ |
| ૧૫. | વણેસા ગામના નકશા ની નકલ | ૩/૧૫ |
| ૧૬. | દાવાવાળી જગ્યાના ફોટા અસલ નંગ-૧૭ | ૩/૧૬ |
| ૧૭. | ફોટાનુ બીલ અસલ | ૩/૧૭ |
| ૧૮. | પ્રતિવાદી ધ્વારા માર્ચ ૨૦૨૦ના અરસામાં રસ્તાના ભાગે અડચણ કરતા વાદીએ આપેલ ફરીયાદીની નકલ | ૩૦/૧ |
| ૧૯. | વાદીના જવાબની નકલ | ૩૦/૨ |
| ૨૦. | પ્રતિવાદી નં ૧ નો પો.સ્ટેસનમાં આપેલ જવાબ ની નકલ | ૩૦/૩ |
| ૨૧. | થર્ડપાટી સોગંદનામુ કરનાર સુરેશભાઇ મગનભાઇ ની માલીકીના બ્લોક નં ૨૮૧ ના ૭/૧૨ તથા ૮-અ ની નકલ | ૩૩/૧ |
| ૨૨. | થર્ડપાર્ટી સોગંદનામુ કરનાર જયેશભાઇ બાલુભાઇ ની માલીકીના બ્લોક નં ૩૧૦ ની ૭/૧૨ તથા ૮-અ ની નકલ | ૩૩/૨ |

૨). વાદીના દાવા તથા કામચલાઉ મનાઇ હુકમ અરજી લગતની નોટીસો પ્રતિવાદીઓ ને બજતા પ્રતિવાદી નાઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે અને જે પૈકી પ્રતિવાદી નં ૨ નાએ આંક-૨૪ થી દાવા તથા મનાઇ અરજનો સંયુક્ત લેખિત જવાબ રજુ કરેલ, અને પોતાના જવાબ સાથે લીસ્ટ દર્શાવ્યા વિનાના રેવન્યુ રેકર્ડ તથા ફોટોગ્રાફ રજુ કરેલ છે, નીચે મુજબના દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | દસ્તાવેજ ની વિગત | માર્ક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | રજી. વેચાણ દસ્તાવેજ નં ૨૦૭૩/૨૦૦૫ ની નકલ | ૧૧/૧ |
| ૨. | રજી.વેચાણ દસ્તાવેજ નં ૨૦૭૪/૨૦૦૫ ની નકલ | ૧૧/૨ |
| ૩. | રજી.વેચાણ દસ્તાવેજ નં ૧૬૧૦/૨૦૧૯ ની નકલ | ૧૧/૩ |
| ૪. | રજી.વેચાણ દસ્તાવેજ નં ૧૬૧૧/૨૦૧૯ ની નકલ | ૧૧/૪ |
| ૫. | રજી.વેચાણ દસ્તાવેજ નં ૧૬૧૨/૨૦૧૯ ની નકલ | ૧૧/૫ |
| ૬. | ૭/૧૨ તથા ૮-અ ના ઉતારા ની ઝેરોક્ષ નકલ | ૨૪/૧ |
| ૭. | ફોટોગ્રાફ નંગ-૧૮ | ૨૪/૨ |
| ૮. | ફોટોગ્રાફ નુ બીલ ની નકલ | ૨૪/૩ |

૩). આ કામે રજુ થયેલ વાદીના દાવા અને મનાઇ હુકમ અરજની વિગતો, સાથે રજુ થયલે દસ્તાવેજી પુરાવા, તેમજ પ્રતિવાદી તર્ફે રજુ થયેલ જવાબ ની વિગતો વંચાણે લીધેલ છે.

૪). આ કામે વાદી તરર્ફે તેમના વિ.વ.શ્રી ધ્વારા પોતાની કામચલાઉ મનાઇ હુકમ અરજી લગત મૌખીક દલીલો કરી પોતાની જમીનમાં આવવા જવા નો રસ્તો પરાપુર્વ થી ચાલતો આવેલ હોવાનુ જણાવી અને જે રસ્તો પ્રતિવાદીએ બંધ કરેલ હોય, તે ખુલ્લો કરી આપવા અને દાવો ચાલતા દરમ્યાન માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવા રજુઆત કરેલ છે. પ્રતિવાદી ના વિ.વ.શ્રી ધ્વારા પણ મૌખીક રજુઆત કરી અને વાદીનો કોઇ રસ્તો પોતાની માલીકીની જમીનમાં હતો નહી કે છે નહી અને પ્રતિવાદીની જમીન થી વાદીની જમીન ૧૦ ફુટ ઉંચાઇએ આવેલ હોય, પ્રતિવાદી ની જમીનમાંથી આવવા જવા નો કોઇ રસ્તો વાદીનો પરાપુર્વથી ચાલી આવેલ ના હોય, વાદીઓને કોઇ દાદ મળવા પાત્ર ના હોય, કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની વાદીની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫). વાદીની દાવા અરજી તથા મનાઇ અરજી ની વિગતો તથા કેસનુ રેકર્ડ વંચાણે લેતાં તેમજ રજુ થયેલ પુરાવા અને પ્રતિવાદી તર્ફે નો લેખિત જવાબ,દસ્તાવેજી પુરાવા તથા રજુઆત ધ્યાને લેતા મારી સમક્ષ હાલની ની-૫ ની કામચલાઉ મનાઇ હુકમ અરજીના નીકાલ અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

<u>મુદ્દા :-</u>

૧. શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

૩. શું મનાઇ હુકમ નહી આપવાથી વાદીને નાણાથી પણ ભરપાઇ ના થઇ શકે તેવુ અપરીહાર્ય નુકશાન થવાનો સંભવ રહેલો છે ?

૪. શું હુકમ ?

૬). ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. “હકારમાં ”

૨. “હકારમાં ”

૩. “હકારમાં”

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નીર્ણયો અર્થે મારા કારણો નીચે મુજબ છે :

<u>--:: કા ર ણો ::-</u>

૭). <u>મુદ્દા નં ૧ થી ૪ :-</u>

ઉપરોક્ત તમામ મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય, વારંવારનુ પુનરાવર્તન ટાળવા માટે તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરેલ છે. વાદી તર્ફે કરવામાં આવેલ રજુઆત મુદ્દાની ચર્ચા સાથે આવરી લીધેલ છે.

**<u>Essential elements to grants or refuse interim injunctions:-</u>**

It is pertain to note that the power to grant a temporary injunction is in the discretion of the court, this discretion however, should be exercised reasonably, judiciously and on the legal principles. Injunction should not lightly granted as it adversely affects the other side. Generally , before granting the injunction, court must satisfied about the following aspects namely,

prima-facie case, irreparable injury and balance of convenience.

The first rule is that the applicant must make out a ***prima facie case*** in support of the right claimed by him, court must be satisfied that there is a bona fide dispute raised by the applicant, there is strong case for trial which needs investigation. A prima facie case does not mean a case proved to the hilt but a case which can be said to be established if the evidence which is led in support of the same were believed. While determining whether a prima-facie case had been made out the relevant consideration is whether on the evidence led it was possible to arrive at the conclusion in question and not whether that was the only conclusion which could be arrived at on that evidence.

Existence of the prima facie case alone does not entitled the applicant for a temporary injunction, but the applicant must satisfied the court that he will suffer ***irreparable injury*** if the injunction as prayed for is not granted and that there is no other remedy open to him by which he can protect himself from the consequences of apprehended injury.

Third condition for granting interim injunction is that the ***balance of convenience*** must be in favor of the applicant. In other words, court must be satisfied that the comparatives mischief hardship or inconveniences which is likely to be caused to the applicant by refusing the injunction will be greater than that which is likely to be caused to the opposite party by granting it.

In case of judgment of Hon'ble Gujarat High Court J. M. Patel V. D.B. Patel reported in 2007 GLR 79, in Para - 15 it is observed that It is

not the law that moment the suit is filed, trying to make out some case, by ignoring the material on record injunction must follow. If material is not be considered at the time of deciding injunction application, Courts will be flooded with frivolous litigations. Therefore, the Court is required to examine minutely the merits of the case and the circumstances in existence...

Before dealing with the argument of learned advocates for both the parties, at this juncture the ratio laid down by the Hon'ble Supreem Court required to be considered at this stage, where in it is held that :-

In case of Anand Prasad Agarwalla V/S Tarkeshwar Prasad, reported in AIR 2001 SC 2367, wherein it is held that :-

> "Interlocutory injunction. Not appropriate for court to hold mini trial. For grant of interim injunction.

આ કામે દાવાવાળીં બ્લોક નં ૩૧૯ ની માલીકી વાદીની હોવા બાબતે કોઇ તકરાર નથી, વધુમાં બ્લોક નં ૩૧૭ વાળી જમીનના માલીક પ્રતિવાદી હોવા બાબતે પણ કોઇ તકરાર નથી. હવે આ કામે પ્રતિવાદી નં ૨ નાએ જે આંક-૨૪ નો જવાબ રજુ કરેલ છે, તેમાં તથા કરેલ મૌખીક દલીલો દરમ્યાન વાદીને પોતાના બ્લોક નં ૩૧૯ માં આવવા જવા માટે વૈકલ્પીક રસ્તો હોવાનુ જણાવેલ છે અને જે પ્રતિવાદી નં ૨ ના કથનો મુજબ વણેસાથી તજપોર જતા રસ્તા વાટે બ્લોક નં ૩૨૨ થી પશ્ચીમ બાજુથી દક્ષીણ પુર્વ બાજુ બ્લોક નં ૩૨૩,૩૨૪ વચ્ચે આવેલ રસ્તા જે ઉતર દક્ષીણ છે તે રસ્તાથી બ્લોક ન ૩૨૩ ના દક્ષીણ પશ્ચીમ ખૂણેથી પુર્વ પશ્ચીમ શેઢા થી બ્લોક નં ૩૨૩ તથા ૩૨૪ ના શેઢા ઉપર આવેલા રસ્તાથી બ્લોક નં ૩૨૧ ની ઉતર બાજુથી બ્લોક નં ૩૨૧ ની પુર્વ બાજુથી બ્લોક નં ૩૨૦ તથા બ્લોક નં ૩૨૧ ના વચ્ચે ઉતર દક્ષીણ રસ્તાથી બ્લોક નં ૩૧૮ જે નકશામાં

બ્લોક નં ૩૧૯ દર્શાવેલ છે તેની ઉતર બાજુ પુર્વ પશ્ચીમ યાને બ્લોક નં ૩૨૦ ની દક્ષીણ થી બ્લોક નં ૩૧૮ તથા ૩૧૯ માં અવર જવર થાય છે અને તે રીતે બ્લોક નં ૩૧૯ માં અવર જવર થાય છે અને થતી હતી, તેમ જણાવેલ છે, પરંતુ તે બતાવવા માટે કોઇ નકશો કે કોઇ સરકારી રેકર્ડ નો પુરાવો રજુ કરેલ નથી. પોતાના કથનો બાબતે માત્ર પોતાના આંક-૨૪ ના જવાબ સાથે કુલ નંગ -૧૮ ફોટોગ્રાફ રજુ કરેલ છે, જે ફોટોગ્રાફ માં બતાવેલ રસ્તો તે વાદીની જમીન સુધી જતો હોવાની રજુઆત કરેલ છે, પરંતુ સદર ફોટોગ્રાફ થી વાદીની જમીનમાં વાદી જણાવે છે તે મુજબ પ્રતિવાદી ની બ્લોક નં ૩૧૭ ની જમીનમાંથી નહી પરંતુ પ્રતિવાદી જણાવે છે તે મુજબનો વૈકલ્પીક રસ્તો હોવાનુ માની શકાય તેમ નથી. વધુમાં સદર કામે વાદી તર્ફે જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તેમાં માર્ક ૩/૧૪ થી એક રસ્તાનો કરાર રજુ કરેલ છે જે રસ્તાનો કરાર ધ્યાને લેવામાં આવે તો તે તા. ૧૦/૦૧/૧૯૯૫ ના રોજ નો એટલે કે આજથી આશરે ૨૭ વર્ષ જુનો કરાર છે, જે કરાર ના કરી આપનાર સદર બ્લોક નં ૩૧૭ વાળી જમીનનોના મુળ માલીક હતા અને તેઓ વાદીના કૌટુંબીઓ પણ થતા હોવાના કથનો વાદીએ કરેલા છે તે સામે પ્રતિવાદીએ કોઇ તકરાર ઉઠાવેલી નથી, અને જે કરાર ખોટો ઉભો કરેલ હોવાના માત્ર કથનો કરેલા છે, પરંતુ સદર કરાર વંચાણે લેતા માં જણાવેલ છે કે,“ અમારા હીસ્સામાંથી આવેલી જમીનમાંતી હમારો નાનોભાઇનો ધનસુખભાઇ નરોત્તમભાઇ તથા મંગુભાઇ મોટરસાયકલ વગેરે આવવા જવા તથા તે જમીનમાં આવવા જવા માટેનો રસ્તો આપવા માટેનો જવાનો કરાર અમોએ તમોને લખી આપીએ છીએ અને આ રસ્તા અંગેના આવવા જવા ના કરારની શરતો નીચે મુજબ છે. બ્લોક નં ૩૧૭ માંથી આવવા જવાનો રસ્તો અમોએ બ્લોક નં ૩૧૮ તથા ૩૧૯, સર્વે નં ૨૯૧/૧ અને ૨૯૧/૨ ને આપેલ છે” આમ વાદી જણાવે છે તેમ પોતાની માલીકીની જમીનમાં જવા આવવા નો રસ્તો પ્રતિવાદી ની માલીકીની બ્લોક નં ૩૧૭ ની જમીનમાં થી હોવાની વિગત હાલના કરાર થી માનવા યોગ્ય જણાય છે, વધુમાં સદર કરાર ખોટો હોવાના કથનો સદર જમીન ના મુળ માલીકો ધ્વારા કરવામાં આવેલા નથી. વધુમાં પ્રતિવાદી નો બચાવ છે કે વાદી જે રસ્તો જણાવે છે તે રસ્તો હતો નહી અને પ્રતિવાદીની માલીકીની જમીન વાદીની જમીન થી ૧૦ ફુટ

જેટલી નીચે છે અને જેથી તે જમીનમાં થઇ ને મોટર સાયકલ કે ટ્રક કે બળદગાળુ બ્લોક નં ૩૧૯ કે બ્લોક નં ૩૧૮ વાળી જમીનમાં જઇ શકે તેવી શક્યતા જ નથી અને જે કોર્ટ કમીશ્નર ધ્વારા કરવામાં આવેલ સ્થળ સ્થીતીના પંચનામા ઉપર થી પણ જણાઇ આવે છે, જેથી વાદીની રજુઆત ખોટી છે તેમ પ્રતિવાદી ની રજુઆત છે, પરંતુ સદર કામે કોર્ટ કમીશ્નર ધ્વારા કરવામાં આવેલ બંન્ને પંચનામા જોવામાં આવે તો તેમાં રસ્તાના ભાગે અટકાયત થયેલ હોવાનુ પંચનામા માં આવેલ છે અને તે રસ્તાના ભાગે ઘાંસ અને આંબા ની કલમો રોપેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે, આમ સદર પ્રતિવાદી નં ૨ નાએ કરેલા કથનો મુજબ ત્યાં રસ્તો નહી હોવાની વિગતો માનવા યોગ્ય નથી, વધુમાં પ્રતિવાદી નં ૨ નાઓ ધ્વારા તાજી કલમો રોપવામાં આવેલ છે તે ઉપરથી જ પ્રતિવાદી એ વાદીની અટકાયત કરેલ હોવાનુ માનવા યોગ્ય છે, વધુમાં પ્રતિવાદી એ કરેલા કથનો મુજબ ૧૦ ફુટ ઉંચો પાળો હોવાનુ માનવા યોગ્ય નથી કારણ કે પંચનામા મુજબ બે જમીન વચ્ચે જે માટીનો પાળો આવેલ છે તે પ્રતિવાદી જણાવે છે તેમ ૧૦ ફુટ ઉંચો હોવાનુ રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી વાદી ના કથનો માનવા યોગ્ય જણાય છે, વધુમાં વાદી ધ્વારા મહેશભાઇ બાલુભાઇ પટેલ નુ સોગંદનામુ આંક-૫ ના સમર્થનમાં રજુ કરેલ છે, જે સોગંદનામા થી વાદીના કથનોને સમર્થન મળેલ છે, તે ઉપરાંત આંક-૩૪ થી જયેશભાઇ બાલુભાઇ નુ સોગંદનામુ તથા આંક-૩૫ થી સુરેશભાઇ મગનભાઇ પટેલ નુ સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં સદર સોગંદનામા કરનાર ધ્વારા જાહેર કરેલ છે કે, સદર બ્લોક નં ૩૧૭ વાળી જમીન વાદીના કાકા મહેશભાઇ બાલુભાઇ ના ભાગે આવેલી હતી અને તેઓએ ભીખુભાઇ કરશનભાઇ ને વેચાણ કરેલ, અને તેમાં બ્લોક નં ૩૧૯માં જવા આવવા નો રસ્તા સહીતની જમીન વેચાણ આપેલી, જે તે વખતે વાદી તથા વાદીના વડવા સદર રસ્તાનો ઉપયોગ બે રોકટોક કરતા આવેલા, તે બાદ ભીખુભાઇ કરશનભાઇ નાઓએ પ્રતિવાદી નં ૪-૫ ને જમીન વેચાણ કરતા તેઓએ જમીન લેવલીગ કરીને રસ્તો આપીશુ તેવું જણાવી રસ્તો ખેડી રસ્તાના ભાગે ઘાસ તથા આંબાની કલમો રોપી તથા પ્રવેશના ભાગે દરવાજો મુકી અંતરાય અટકાયત કરેલ છે, આમ સદર સોગંદનામુ કરનાર ના કથનો ખોટા હોવા બાબતે પ્રતિવાદી નાઓએ સામુ સોગંદનામુ કરેલ નથી, જેથી

હાલના તબક્કે સદર સોગંદનામા ના કથનો નહી માનવા ને કોઇ કારણ જણાતુ નથી. આમ વાદી જણાવે છે તેમ વાદીના બ્લોક નં ૩૧૯ તથા તેની બાજુમાં આવેલ ૩૧૮ વાળી જમીનમાં જવા આવવા માટે વણેસા થી તાજપોત જતાં રસ્તા વાટે બ્લોક ન ૩૨૪ તથા ૩૨૫ પાસેથી પ્રવેશી કોતરની બાજુમાં આવેલ રસ્તા વાટે બ્લોક નં ૩૨૬ ની ઉતરે આવેલ તથા બ્લોક નં ૩૨૩ ના પશ્ચીમે આવેલ રસ્તા વાટે બ્લોક નં ૩૧૬ ના ઉતર પશ્ચીમ ખૂણેથી પ્રવેશી બ્લોક નં ૩૧૬ ની ઉતરે આવેલ રસ્તા વાટેથી બ્લોક નં ૩૧૭ ના પશ્ચીમ દક્ષીણ ખુણે કે જ્યાં બ્લોક નં ૩૧૭ નુ ફાર્મ હાઉસ આવેલ છે તે ફાર્મ હાઉસની ઉતરે બ્લોક નં ૩૧૭ ની પશ્ચીમે આવેલ રસ્તા વાટેથી પ્રવેશી બ્લોક નં ૩૧૯ સુધી જઇ ૩૧૯ ની દક્ષીણે અને પ્રતિવાદી ના બ્લોક નં ૩૧૭ ની ઉતરે બ્લોક નં ૩૧૯ ના દક્ષીણ પુર્વ ખુણેથી ઉતરે વળી બ્લોક નં ૩૧૮ માં જતો આશરે ૧૫ થી ૨૦ ફુટ પહોળાઇ નો વહીવટી રસ્તો આવેલ હોવા બાબતે હાલના તબક્કે માનવા યોગ્ય જણાય છે. જેથી વિરુધ્ધ નો પુરાવો આપવામાં પ્રતિવાદી નીષ્ફળ ગયેલ છે તેમ મારુ માનવુ છે., જેથી વાદીની જમીન બ્લોક નં ૩૧૯ અને તેની બાજુની બ્લોક નં ૩૧૮ વાળી જમીનમાં આવવા જવાનો એક માત્ર રસ્તો પ્રતિવાદી ની બ્લોક નં ૩૧૭ વાળી જમીનમાંથી હોવાનુ નહી માનવા ને કોઇ કારણ નથી, જેથી પ્રતિવાદી બ્લોક નં ૩૧૯ મા આવવા જવા માટેનો વૈકલ્પીક રસ્તો હોવાનુ રેકર્ડ ઉપર બતાવી શકેલા ના હોય, જો વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ નહી આપવામાં આવે તો પ્રતિવાદીએ કરેલ અટકાયત થી વાદીની જમીનમાં ખેતી કામ થઇ શકશે નહી અને જેના કારણે એક માત્ર વાદીને નુકશાન થાય તેમ હોય, અને વાદી માર્ક ૩/૧૪ ના પુરાવાથી તથા રેકર્ડ ઉપર ના પંચનામા થી પોતાની જમીનમાં આવવા જવા માટેનો એકમાત્ર રસ્તો પ્રતિવાદી ની જમીનમાંથી હોવાનુ બતાવવામાં સફળ થયેલ હોય, વાદીનો પ્રથમ દર્શનીય કેશ હોવાનુ મારુ માનવુ છે, અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં વિશેષ હોય, વાદીને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવો જરુરી હોવાનુ મારુ માનવુ હોય, જેથી હાલના તબક્કે કામચલાઉ મનાઇ હુકમ અરજી નક્કી કરવા માટે ઉપસ્થીત થયેલ મુદા નં ૧ થી ૩ નો જવાબ હકારમાં આપુ છું અને મુદ્દા નં -૪ બાબતે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## --:: આખરી હુકમ ::-

૧. વાદીઓ ની આંક-૫ ની કામચલાઉ મનાઇ હુકમ મેળવવા બાબતેની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. વાદીની માલીકીની મોજે વણેસા તા. પલસાણા જી.સુરતના રેવન્યુ દફતરે નોંધાયેલ સર્વે નં ૨૯૧/૧, બ્લોક નં ૩૧૯ થી નોંધાયેલી ખેતીની જમીનમાં જવા આવવા માટે પ્રતિવાદીના બ્લોક નં ૩૧૭ ના દક્ષીણ પશ્ચીમ ખુણેથી પ્રવેશી ઉતર તરફ વાદીના બ્લોક નં ૩૧૯ સુધી જતો જે રસ્તો બ્લોક નં ૩૧૮ વાળી જમીનમાં જાય છે, તે રસ્તાના ભાગમાં વાદીને અવજ જવર માં અંતરાય, અટકાયત કરવાના બદઈરાદે કોઈપણ જાતનુ ખોદકામ, કે દરવાજો મુકી કે કોઈપણ રીતે અટકાયત થાય તેવું કૃત્ય કરવું કરાવવુ નહી, કે વાદીની જમીનમાં જવા આવવાના રસ્તાના વપરાશના હક્કમાં અંતરાય, અટકાયત , દખલ કે ન્યુનતા કરવી કરાવવી નહી તેવો મનાઇ હુકમ વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ આ દાવાના આખરી નીકાલ થતા સુધી ફરમાવવામાં આવે છે.

૩. આ અરજીનુ ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પલસાણા.

તા.૦૯/૦૯/૨૦૨૨

જયેશ વાલજીભાઈ ચૌહાણ
મુખ્ય સીવીલ જજ, પલસાણા.
તા.પલસાણા.જી. સુરત.
યુ.આઈ. કોડ નંબર જીજે ૦૧૪૩૧